પૂર્વછાયો- પછી સંભારી એ શાપને, સર્વે કરવા લાગ્યા શોક ।
પુણ્ય ભૂમિ આ પરહરી, જાવું જોશે જાણું મૃત્યુલોક ॥૧॥
પાપ પેખી પૃથ્વીતણાં, કેમ રહેશે સુખ શરીર ।
અવળે સવળું એટલું, સંગે ચાલશે નરવીર ॥૨॥
કાંઈક તેનો હર્ષ છે, કાંઈક શોક છે મન ।
દુરવાસાને દર્શને, થયું હર્ષ શોક ચિંતવન ॥૩॥
વળતા નારાયણ બોલિયા, તમે શોક મ કરો લગાર ।
ઈચ્છા અમારે એવી હતી, અવનિએ લેવા અવતાર ॥૪॥

ચોપાઇ- મારી ઈચ્છા વિના એવી વાત, ન થાય માનજો મારા તાત ।

આવ્યા ઋષિને કરી જે રાવ, ત્યારનો મેં માંડ્યો છે ઉપાવ ॥૫॥
આવ્યા દુર્વાસા મારી ઇચ્છાએ, આવી ન પામ્યા સન્માન કાંયે ।
દીધો શાપ મેં ન વાર્યા તેને, બોલ્યા જેમ મેં બોલાવ્યા એને ॥૬॥
જાણું નિમિત્ત વિના નિરધાર, કેમ લઈએ સહુ અવતાર ।
માટે ચિંતા કરશોમાં કાંએ, શાપ થયો છે મારી ઇચ્છાએ ॥૭॥
કાંજે પૃથ્વીએ વ્યાપ્યું છે પાપ, તેણે સાધુ પામે છે સંતાપ ।
માટે પુત્ર તમારો થાઈશ, હરિનામે નિશ્ચે કહેવાઈશ ॥૮॥
મારા સાધુની રક્ષાને સારું, થાશે ભૂમિએ વિચરણ મારૂં ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ, પ્રવર્તાવીશ ભૂમિએ અતિ ॥૯॥
માટે ચિંતા મ કરશો લગાર, લિયો દ્વિજ કુળે અવતાર ।
આપ ઇચ્છા ધારી ઉર વિષે, લિયો જન્મ જુદા જુદા દેશે ॥૧૦॥
સુણી નારાયણની એ વાણ, સહુ પાયે લાગ્યા જોડી પાણ ।
પછી આપ આપણે આશ્રમ, ગયા મુનિ ને ભક્તિ ધરમ ॥૧૧॥
પછી ભક્તિ ધરમ ઋષિ જેહ, ઉદ્ધવાદિક સરવે તેહ ।
કાળે કરી આ ભૂમિ મોઝાર, સહુ લેવા ઇચ્છ્યા અવતાર ॥૧૨॥
દેશ દેશ લેવાને જનમ, ઇચ્છ્યા જાણી વેળા એ વિષમ ।
ધર્યાં દ્વિજજાતિ માંહિ તન, કહું સાંભળજ્યો સહુ જન ॥૧૩॥
થઈ વાત એ બદ્રિકાશ્રમ, લેશે જન્મ ઋષિ ભક્તિ ધર્મ ।
એવું જાણી જે હતા અદેવ, તે પણ ત્યાર થયા તતખેવ ॥૧૪॥
કહે અસુર અભાગી એમ, કાઢશે એ અધર્મને કેમ ।
એવું શું આપણું પડી ભાંગશે, જે એ સર્વે અધર્મ ત્યાગશે ॥૧૫॥
નથી ગયું નખોદ આપણું, જે ચાલશે એનું બળ ઘણું ।
માટે જ્યાં જ્યાં એ લે અવતાર, ત્યાં ત્યાં તત્પર રહો તૈયાર ॥૧૬॥
એનાં સંબંધીમાં કરો પ્રવેશ, જ્યાં જ્યાં જન્મે એહ મુનીશ ।
રાખી ખટકો થાઓ હુશિયાર, પ્રવર્તાવો અધર્મ અપાર ॥૧૭॥
જિયાં તિયાં થકી એને ઝાલો, મતિ અતિશે અવળી આલો ।
કહું છું મને તો સુઝે છે એમ, કહો તમને સુઝે છે કેમ ॥૧૮॥

એવું સાંભળી બોલ્યા અસુર, જેમ કહો તેમ કરીએ જરૂર ।
મર બણવાની હોય તે બણે, પણ એને તો જોશું આપણે ॥૧૯॥
કરશું જુદા જુદા પરવેશ, દેશું દુઃખ બહુ અહોનિશ ।
એમ પરિયાણિયા એ અસુર, બોલ્યાં નરનારી કરી જોર ॥૨૦॥
એક કહે થાઉં એની માત, નિત્ય શિખવું પાપની વાત ।
એક કહે થાઉં એની માસી, નાખું મોહ ને માયાની ફાંશી ॥૨૧॥
એક કહે થાઉં એની બેન, રોઈ કળકળી કરાવું ફેન ।
એક કહે થાઉં હું દિકરી, મારી ચિંતામાં ન ભજે હરિ ॥૨૨॥
એમ બોલી અસુરની નારી, કરીએ બહુવિધ વિઘ્ન ભારી ।
ત્યારે બોલ્યા અસુર વળતા, અમે બહુ જાણુ છું ખળતા ॥૨૩॥
કહે એક થાઉં એનો બાપ, મારી કુટી ને કરાવું પાપ ।
કહે એક થાઉં એનો ભાઈ, નાખું અતિશે અધર્મમાંઈ ॥૨૪॥
કહે એક થાઉં એનો કાકો, બતાવું પાપ મારગ પાકો ।
કહે એક થાઉં એનો મામો, કરાવું અતિ અધર્મ સામો ॥૨૫॥
કહે એક થાઉં એનો બાળ, કરું ભક્તિ ને ધર્મનો કાળ ।
કહે એક હેતુ એનો થઈ, નિયમ એક રહેવા દિયું નહિ ॥૨૬॥
કહે એક થાઉં એનો સખો, કરે ભજન ત્યાં રચાવું ડખો ।
કહે એક થાઉં એનો સગો, કરૂં એના કલ્યાણમાં દગો ॥૨૭॥
કહે એક થાઉં એનો ગુરુ, જગે અઘ એટલાં હું કરૂં ।
કહે અવિદ્યા થાઉં હું નાર, મ જાળથી કાઢે પગ બાર ॥૨૮॥
નાનાં બાળક બહુ ઉપજાવી, દીયું હેત હું એમાં બંધાવી ।
છોરા છોરી ઝીણું ઝીણું બોલી, ખાશે એના કળેજાંને ફોલી ॥૨૯॥
એમ સહુ મળી આપણે કરશું, જેણે થાય એ જીવનું નરશું ।
એમ ખરા ખબરદાર થાઓ, આવ્યો અવસર મ ભૂલો દાવો ॥૩૦॥
એના કુટુંબમાં પ્રવેશ કરીએ, ગુરુ સંબંધીનું રૂપ ધરીએ ।
એના ઉરથી અધર્મ ન ટળે, એમ કરવું આપણે સઘળે ॥૩૧॥
એમ પરસ્પર પરિયાણ્યું, જોર અતિશે પોતાનું જાણ્યું ।

કર્યો અસુરે મનસુબો એવો, ઘટે પાપી અદેવને જેવો ॥૩૨॥

ઈતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે અસુર ઉદ્‌ભવ નામે
આઠમું પ્રકરણમ્ ॥૮॥